# ઉત્તરપ્રદેશમાં વાવાઝોડા સાથે વર્ષાથી ૨૭ના મોત



લખનૌ,તા. ૧૮


પાટનગર લખનૌ સહિત ઉત્તરપ્રદેશના જુદા જુદા ભાગોમાં ગુરુવારે મોડી રાત્રે અને આજે સવારે પણ પ્રચંડ વાવાઝોડા અને તોફાનના કારણે ઓછામાં ઓછા ૨૭ લોકોના મોત થયા છે અને ૩૦થી વધુ લોકો ઘાયલ થયા છે. કરોડો રૂપિયાની સંપત્તિને નુકસાન થયું છે. આંધી અને વાવાઝોડાના કારણે અનેક વૃક્ષ ધરાશાયી થયા હતા અને મકાનો ઉપર પડ્યા હતા. અનેક જગ્યાઓએ પ્રચંડ પવનોના લીધે કાચા મકાન પડી ગયા હતા. છેલ્લા ૨૪ કલાક દરમિયાન જાલોન જિલ્લામાં ૧૧, કાસગંજ, ફૈઝાબાદ અને બારાબંકીમાં બે-બે તથા લખનૌમાં એક વ્યક્તિનું મોત થયું હતું. અનેક જગ્યાએ વૃક્ષો ધરાશાયી થઇને રેલવે લાઇન ઉપર પડ્યા હતા જેના કારણે સેવાને અસર થઇ હતી. એકલા લખનૌમાં ૧૦૦થી વધારે મકાન ધરાશાયી થયા હતા. શ્રેણીબદ્ધ વિસ્તારોમાં વિજળીના થાંભલા પડી ગયા હતા જેથી વિજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. અસરગ્રસ્ત વિસ્તારમાં બચાવ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી. હવામાન વિભાગે કહ્યું છે કે, આગામી ૪૮ કલાક દરમિયાન લખનૌ અને આસપાસના વિસ્તારોમાં પ્રચંડ પવનની સાથે વરસાદની શક્યતા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન હરદોઈમાં સૌથી વધારે ૧૫ મીમી વરસાદ થયો છે. પ્રચંડ વાવાઝોડા અને તોફાનના કારણે ૩૦થી વધુ લોકો ઘાયલ થયા છે. બારાબંકીમાં બે બાળક સહિત છ લોકોના મોત થયા છે. રાજ્યના પાટનગર લખનૌમાં ત્રણના મોત થયા છે. સીતાપુરમાં પણ ત્રણના મોત થયા છે. ફૈઝાબાદમાં એકનું મોત થયું છે. હવામાન વિભાગે કહ્યું છે કે, આ પ્રચંડ પવનની સાથે સાથે વરસાદ પણ તુટી પડ્યો હતો. જાહેર અને ખાનગી સંપત્તિને ભારે નુકસાન થયું છે. હવામાન વિભાગનું કહેવું છે કે, રાજસ્થાન ઉપર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સ્થિતિના પરિણામ સ્વરુપે પ્રચંડ પવન અને વરસાદ થયો છે. નરેન્દ્ર મોદીના ઘણા સમર્થકો આજે મોદીની અકબરપુર ખાતેની રેલીમાં ભાગ લેવા જનાર હતા પરંતુ ખરાબ હવામાનના કારણે પહોંચી શક્યા ન હતા. બીજી બાજુ મોદીના મંચને પણ વાવાઝોડા અને વરસાદના કારણે નુકસાન થતાં તેની પણ ભાજપના કાર્યકરોમાં અસર દેખાઈ હતી. અહીં ૨૪મીએ મતદાન યોજાનાર છે જેથી ખરાબ હવામાનને લઇને હવે રાજકીય પક્ષોમાં ચિંતાનું મોજુ દેખાઈ રહ્યું છએ. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આવી સ્થિતિ યથાવત રહે તેવી શક્યતા છે. પશ્ચિમી ડિસ્ટર્બન્સની અસર દેખાઈ રહી છે.

**નાયડુ સાથે જાવડેકરની બે કલાક સુધી ચર્ચા**

## ભાજપ અને ટીડીપી વચ્ચે ગઠબંધન અકબંધ જ હશે

હૈદરાબાદ,તા.૧૮

ભાજપ અને ટીડીપી વચ્ચે ગઠબંધન યથાવતરીતે જારી રહેશે. ભાજપના પ્રવક્તા પ્રકાશ જાવડેકરે આ સંદર્ભમાં ચાલી રહેલી અટકળોનો અંત આંણતા કહ્યું હતું કે, બંને પક્ષો વચ્ચે કેટલાક મુદ્દાઓને લઈને ગૂંચવણ છે પરંતુ ગઠબંધન અકબંધ રહેશે. આજે બપોરમાં ટીડીપીના વડા ચંદ્રાબાબુ નાયડુ સાથે બે કલાક સુધી વાતચીત કર્યા બાદ ભાજપના પ્રવક્તા પ્રકાશ જાવડેકરે કહ્યું હતું કે, આ ગઠબંધન અકબંધ રહેશે. ટીડીપીના પ્રવક્તાએ પણ આને સમર્થન આપ્યું હતું. જો કે, આજે આંધ્રપ્રદેશમાં ભાજપ અને ટીડીપી વચ્ચે બેઠકોની વહેંચણીને લઈને વિવાદનો ઉકેલ આવ્યો ન હતો. બંને પક્ષોએ વાતચીતની વધારે વિગત આપી ન હતી. જાવડેકર અને ટીડીપીના સાંસદ વાયએસ ચૌધરી તથા અન્ય નેતાઓ વધુ મંત્રણા માટે વૈકેયા નાયડુના નિવાસ ઉપર પહોંચ્યા હતા. ટીડીપી ૧૪ વિધાનસભાની બેઠક પૈકી સાત બેઠકને લઈને વિવાદ છે. પ્રકાશ



જાવડેકર અને નાયડુ વચ્ચે યોજાયેલી વાતચીત દરમિયાન તમામ મુદ્દાઓ ઉપર ચર્ચા થઈ હતી. બેઠકોની વહેંચણીના સંદર્ભમાં અંતિમ ચિત્ર ટૂંકમાં જ ઉભરીને બહાર આવે તેવી શક્યતા છે. અન્ય બેઠકોને લઈને પણ વાતચીત ચાલી રહી છે. ભાજપ કેટલી બેઠકમાં તેના ઉમેદવારોને બદલવા માટે પણ સહમત છે. જે બેઠક ઉપર ઉમેદવાર બદલવાની ટીડીપીએ ઈચ્છા વ્યક્ત કરી હતી તે બેઠક ઉપર ઉમેદવાર બદલવામાં તેવી શક્યતા છે. ભાજપ દ્વારા કેટલીક બેઠકો ઉપર નબળા ઉમેદવાર ઉતારવામાં આવ્યા છે તેવી રજૂઆત ટીડીપીના સભ્યો દ્વારા કરવામાં આવી હતી જેને લઈને આ બેઠકો ટીડીપીએ પરત લઈ લેવાની માંગણી કરી હતી.

બેઠકોની વહેંચણીને લઈને ચર્ચા શરૂ થયા બાદ એમ માનવામાં આવી રહ્યું હતું કે, ગઠબંધન ફરી તુટી જશે પરંતુ મતભેદ હોવા છતાં ગઠબંધનને આગળ વધારવા બંને પક્ષો સહમત થયા છે. ચૂંટણી સભાઓને લઈને પણ બંને પક્ષોમાં કેટલાક મુદ્દાઓ છે. ચંદ્રાબાબુ નાયડુની ઈચ્છા છે કે, સભાઓમાં મોદી પણ તેમની સાથે રહે તે જરૂરી છે પરંતુ મોદી એકલા પ્રચાર કરવા માંગે છે.

## વારાણસીમાં કેજરીવાલનો વિરોધ : પ્રચારમાં તકલીફ

વારાણસી,તા. ૧૮

આમ આદમી પાર્ટીના નેતા્ અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલની સામે વારાણસીમાં અનેક પડકારો ઉભા થઈ ગયા છે. વારાણસીમાં તેમના જોરદાર વિરોધના કારણે પ્રચાર કરવામાં તેમને તકલીફ થઈ રહી છે. વારાણસીમાં આવતાની સાથે જ મોદીના સમર્થકો અને સ્થાનિક લોકો તેમને પ્રચાર કરવા રોકી રહ્યા છે. શહેરમાં ભાજપના કાર્યકરોના કારણે તેમની મુશ્કેલી સતત વધી રહી છે. ભાજપના કાર્યકરો દરેક જગ્યા પર તેમની સામે અડચણો ઉભી કરી રહ્યા છે. આજે સાવેર જ્યારે તેઓ કંપની બાગમાં પ્રચાર કરવા માટે પહોંચ્યા ત્યારે પણ તેમનો વિરોધ કરવામાં આવ્યો હતો. આ ગાળા દરમિયાન મોદીના સમર્થનમાં નારા લગાવવામાં આવ્યા હતા. આ્ ગાઉ તેમના પર ઈન્ડાઓ, ટામેટા અને પથ્થરો ફેંકવામાં આવ્યા હતા. આમ આદમી પાર્ટીના કન્વીનર કેજરીવાલે કહ્યું છે કે કેજરીવાલ સવારે કંપનીબાગમાં સમર્થકોની સાથે પ્રચાર અર્થે પહોંચ્યા હતા. કેજરીવાલ કંપનીબાગમાં પહોંચતાની સાથે જ વિરોધ શરૂ થઈ ગયો હતો. ત્યાં સેંકડો મોદીના સમર્થકો આવી પહોંચ્યા હતા. ત્યારબાદ સામ સામે નારેબાજી કરવામાં આવી હતી. જેથી તંગદીલી ફેલાઈ ગઈ હતી. મોદીના સમર્થકોની ભીડને જોઈને કેજરીવાલને થોડાક સમયમાંજ ત્યાંથી નિકળી જવાની ફરજ પડી હતી. મોદીના સમર્થકો કહી રહ્યા હતા કે તેઓ વારાણસીમાં રેકોર્ડ મત અંતરથી જીત મેળવનાર છે. કેજરીવાલના જુદા જુદા કાર્યક્રમોમાં વિરોધ થઈ રહ્યો છે. હાલમાં ઉત્તરપ્રદેશમાં મોદી લહેર હોવાનો દાવો ભાજપ દ્વારા કરવામાં આવી રહ્યો છે.મોદીના સમર્થકો અને કેજરીવાલના સમર્થકો અનેક વખત સામ સામ આવે તેવી શક્યતા છે. બન્ને એક જ વારાણસી બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે.

## રોબર્ટ વાઢેરાની સંપત્તિ પાંચ વર્ષમાં અનેકગણી થઈ

નવી દિલ્હી,તા. ૧૮

કોંગ્રેસના અધ્યક્ષ સોનિયા



ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરાએ પાંચ વર્ષના ગાળામાં એક લાખ રૂપિયાના ૩૨૨ કરોડ રૂપિયા બનાવ્યા છે. અમેરિકી ન્યુઝ વેબસાઈટ ધ વોલ સ્ટ્રીટ જર્નલ દ્વારા આ ચોંકાવનારો ધડાકો કર્યો છે. આ ધડાકાના કારણે આગામી દિવસોમાં રાજકીય પક્ષો આના જોરદાર રીતે ચગાવે તેવી શક્યતા છે. વેબસાઈટમાં પ્રકાશિત એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે વાઢેરાએ વર્ષ ૨૦૦૭માં પોતાની કંપની એક લાખ રૂપિયાના રોકાણ સાથે શરૂ કરી હતી. આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૧૨માં વાઢેરાએ ૭૨ કરોડ રૂપિયાથી વધુની પ્રોપર્ટી વેચી છે. આ ઉપરાંત તેમની પાસે હજુ પણ ૪૨ મિલિયન ડોલર અટલે કે આશરે ૨૫૦ કરોડ રૂપિયાની રિયલ એસ્ટેટ પ્રોપર્ટી છે. એટલે કે વર્ષ ૨૦૦૭થી વર્ષ ૨૦૧૨ સુધીના ગાળામાં વાઢેરાની સંપત્તિ એક લાખ રૂપિયાથી વધીને ૩૨૨ કરોડ રૂપિયા થઈ ગઈ છે. ૪૪ વર્ષના વાઢેરા માત્ર હાઈ સ્કુલ પાસ છે. તેમને પ્રોપર્ટીના કારોબારમાં કોઈ અનુભવ નથી. તેમ છતાં પમ કેટલાક વર્ષોમાં રીયલ એસ્ટેટના ક્ષેત્રમાં મોટા નામ તરીકે ઉભરી ગયા છે. વાઢેરાની કંપનીની ફાઈલિંગ જમીની દસ્તાવેજો અને પ્રોપર્ટીના જાણકારોની સાથે વાતચીતમાં કહેવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૧૨માં વાઢેરાએ ૭૨ કરોડ રૂપિયાથી વધારેની સંપત્તિ વેચી છે. વેબસાઈટના જણાવ્યા મુજબ વાઢેરાની કંપનીઓએ વર્ષ ૨૦૧૨ બાદથી રીયલ એસટેટમાં કોઈ વેચાણ કર્યુ છે કે કેમ તે અંગે કોઈ વાત કરવી મુશેકલ છે. કારણ કે સરકારી વેબસાઈટ્સ પર તેમની કંપની સાથે જોડાયેલી બે વર્ષમાં ફાઈલિંગના કોઈ રેકોર્ડ નથી.

**ખુબ ઉંચા મતદાન બાદ તમામ પક્ષોમાં ગણતરી**

પાંચમાં તબક્કામાં રેકોર્ડ ઉચુ મતદાન થયા બાદ રાજકીય પક્ષોમાં ગણતરીનો દોર શરૂ થયો છે. ઉંચા મતદાન બાદ તમામ પક્ષો અને ખાસ કરીને ભાજપ દ્વારા ગણતરી કરવામાં આવી રહી છે. ઉંચુ મતદાન પરિવર્તન તરફ ઈશારો કરે છે કે પછી અન્ય કોઈ ગણતરી મતદારો દ્વારા કરવામાં આવી છે તે બાબત જાણવાના પ્રયાસો થઈ રહ્યા છે. જો કે આ અંગે સસ્પેન્સ હાલ યથાવત રહે તેવી શક્યતા છે. કારણ કે મતગણતરી સુધી ચિત્ર સ્પષ્ટ થશે નહી. રાજકીય પક્ષો અને ખાસ કરીને ભાજપના નેતાઓનો દાવો છે કે ભાજપની તરફેણમાં ઉંચુ મતદાન થઈ રહ્યું છે. જો કે કોંગ્રેસ અને અન્ય પક્ષો આ બાબતને માનવા માટે તૈયાર નથી. ગઈકાલે ૧૨ રાજ્યોમાં રેકોર્ડ ઉંચુ મતદાન થયુંહતુ. તમામ રાજ્યોમાં ૫૦ ટકા કરતા ખુબ વધારે મતદાન થયું હતું.

**શબ્દ સેતુ (પાના નં. ૪ નું ચાલુ)**

***શ્યામ શમણામાં આવ***

શ્યામ શમણામાં આવ એકવાર...  
રાસ રમવાને આવ,  
વાંધો ન હોય મને 'સાથે' રાધાને લાવ... શ્યામ...  
નજરે નિહાળું મોરપીંછ ભાળું  
મોરલીના સૂરે મને ઢાળ...  
વાંધો ન હોય મને 'સાથે' રાધાને લાવ... શ્યામ...  
દરિયાના ઘૂઘવતા નીર છોડી...  
જમનાના તીર, સાંભળવા ગોપી ગીત...  
વાંધો ન હોય મને 'સાથે' રાધાને લાવ... શ્યામ...  
તારા મારા સગપણમાં પ્રીતની રીત...  
વાંસળીના સુરે હું હારી તારી જીત...  
વાંધો ન હોય મને 'સાથે' રાધાને લાવ... શ્યામ...  
શ્યામ તું અષાઢી મેહુલીયે,  
આખે આખી ભીંજવી વર્ષાવી દે પ્રીત...  
વાંધો ન હોય મને 'સાથે' રાધાને લાવ... શ્યામ...  
આખે આખો વરસી જા શ્યામ!  
છલકાવી દે જમનાના નિર્મળ નીર...  
મેઘલી રાતે અમે મળવાને આવશું...  
તમાઇ જાશું બની આકુળ-વ્યાકુળ...  
વાંધો ન હોય મને 'સાથે' રાધાને લાવ... શ્યામ...

**- રમણલાલ એમ. શ્રીમાળી**

***લઘુકથા સેતુ - દરકાર***

ગિરીશ નાનો હતો, ત્યારે રીસેસમાં ઘરે આવે. ત્યારે મગફળી અને એકાદ-બે પતાસા ખિસ્સામાં લઇ જતો. એક દિવસ તે ઘરેથી છાનુ-છપનું કાંઇક લઇ જતો એવી શંકા તેના પપ્પાને પડી. તેણે પુછ્યું.

'ગિરીશ, સું ચડ્ડીમાં સંતાડ્યું?' તેના પપ્પાએ જોયું તો બે રૂપિયા તેના ખિસ્સામાંથી નીકળ્યાં.

'આ પૈસા કયાંથી?'

'મને માસીએ આપ્યા'તા. તે દઇ ગયા છે કહ્યું છે કે 'આ તારે જ વાપરવના છે. આ પૈસા તારા...'

ગિરીશના પપ્પાએ બે રૂપિયા લઇ લીધા. 'નથી વાપરવાના ... શું લેવું છે? ... બોલ...'

ગિરીશ કશું જ બોલ્યો નહીં. તે રડતો રડતો સ્કુલે જતો રહ્યો. એક દિવસ તેના પપ્પાએ તેને પેલા બે રૂપિયા પાછા આપતા કહ્યું : 'લે આ ગલ્લામાં ભેગા કરજે.'

પરંતુ ગિરીશે એ પૈસાને અડવાની પણ દરકાર ન કરી. તેના મમ્મી-પપ્પા જોઇ રહ્યાં. મમ્મીએ કહ્યું : 'લઇ લે, તારા છે તું વાપરજે.'

પરંતુ તેણે લીધા જ નહીં. તે દિવસે બધા મિત્રોએ એક રૂપિયામાં ડબ્બામાં મોઢું રાખીને - 'માબાપને ભૂલશો નહીં' એ પીચર જોયું ત્યારે પોતે એ પીચર જોનારાની પાછળ ઊભો ઊભો હીંબકા ભરતો હતો.

**- ભરત પાઠક 'નયન'**

## વડાપ્રધાને ૧૦ વર્ષમાં એક હજારથી વધુ ભાષણ આપ્યા

નવીદિલ્હી, તા.૧૮

વડાપ્રધાનના દૂરસંચાર સલાહકાર પંકજ પચોરીએ આજે દાવો કર્યો હતો કે, વડાપ્રધાન મનમોહનસિંહ ક્યારે પણ શાંત રહ્યા નથી. છેલ્લા ૧૦ વર્ષના ગાળા દરમિયાન મનમોહનસિંહએ ૧૦૦૦થી વધુ ભાષણ આપ્યા છે. મનમોહનસિંહ લોકો સાથે વાત કરતા નથી તેવા કરવામાં આવી રહેલા અક્ષેપોનો જવાબ આપવા પંકજ પચોરીએ કહ્યું હતું કે, આ વાત વાસ્તવિક નથી. વડાપ્રધાને જ્યારે પણ જરુર પડી છે ત્યારે મિડિયા સાથે વાત કરી છે. તેમના સંદેશાઓ લોકો સુધી પહોંચાડવામાં આવ્યા છે. નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે, ટીવી ચેનલો કરતા વડાપ્રધાનના સમાચારોને અખબારોએ વધારે કવર કર્યા છે. છેલ્લા પાંચ વર્ષના ગાળા દરમિયાન સંસદમાં બોલવાની વડાપ્રધાનને વધારે તક મળી નથી. કોંગ્રેસના ચૂંટણી પ્રચારમાં વડાપ્રધાન દેખાઈ રહ્યા નથી તેવા પ્રશ્નના જવાબમાં પંકજ પચોરીએ કહ્યું હતું કે,



મનમોહનસિંહે આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને હજુ સુધી ચાર સભાઓ સંબોધી છે. વડાપ્રધાનની ચૂંટણી સભાઓ અંગે કોંગ્રેસ પાર્ટી નિર્ણય લઈ રહી છે. પંકજ પચોરીએ કહ્યું હતું કે, પુસ્તક દ્વારા લખવામાં આવલા બે પુસ્તકો સપાટી ઉપર આવી પહોંચ્યા છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે, તેમના ઉપર કરવામાં આવી રહેલા આરોપો પાયાવગરના છે. બે પુસ્તકોમાં હાલમાં કહેવામાં આવ્યું હતું કે, લખવાની તેઓએ ઓફર કરી છે પરંતુ હજુ સુધી આ પ્રક્રિયા આગળ વધી નથી. વડાપ્રધાનના ભૂતપૂર્વ મિડિયા સલાહકાર સંજય બારુ અને ભૂતપૂર્વ કોલસા સચિવ પીસી પારેખ મહત્વપૂર્ણ મુદ્દાઓ ઉપર તેમની સત્તા ન હતી. તેમનું કોઈ અંકુશ પણ રહ્યું ન હતું. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી બધી જવાબદારી સંભાળી રહ્યા હતા. સોનિયા ગાંધી જ તમામ ફાઈલો જોઈને મંજુર કરી રહ્યા હતા. બારુ દ્વારા લખવામાં આવેલા પુસ્તક અંગે વડાપ્રધાન ઉપર આકરા પ્રહાર ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી પણ કરી ચુક્યા છે. નબળા વડાપ્રધાન હોવાની વાત હાલમાં ચાલી રહી છે. ઈરોડમાં એક ચૂંટણી રેલીને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, વડાપ્રધાન સરકારનો અવાજ હોય છે પરંતુ મનમોહનસિંહની વાત સાંભળવામાં આવતી ન હતી. સંજય બારુ દ્વારા લખવામાં આવેલા પુસ્તકના અનુસંધાનમાં મોદીની ટિપ્પણી ખુબ મહત્વપૂર્ણ રહી હતી. જો કે, કોંગ્રેસના નેતાઓએ આની સામે વાંધો ઉઠાવ્યો હતો.

## સમાચાર ઝલક

- ***રાજકોટના ઝવેરીનું રૂ. ૩.૫૦ કરોડનું સોનું પકડી પાડતાં ખળભળાટ.***
- ***અન્યોની મદદ કરવાથી આયુષ્ય વધે છે : અહેવાલ.***
- ***બોલિવુડના મિસ્ટર આમીરખાનની પી.કે. ફિલ્મ ૧૯મી ડિસેમ્બરે પ્રસારિત થશે.***
- ***ઓટો ક્ષેત્રે મંદીની ઘેરી અસર : બે લાખ કામદારોએ રોજી ગુમાવી.***
- ***ઉત્તર ઈરાકમાં ત્રાસવાદીઓએ ૧૩ જવાનોને મારી નાખ્યા.***
- ***અમેરિકામાં થતી કેન્સરની સારવાર હવે ડો. મનન મહેતા સુરતમાં આપશે.***
- ***ભરૂચના દહેજ બાયપાસ રોડ પર નિર્માણાધીન પુલની એંગલો તૂટી પડતા લોકોમાં ઉગ્ર રોષ.***
- ***યુક્રેનના બંદર પરના સૈન્યમથક પર રશિયન બળવાખોરોનો હુમલો.***
- ***ઈંગ્લેડમાં ૧૨ વર્ષની કિશોરી અને ૧૩ વર્ષના કિશોર વિશ્વના સૌથી નાના માતા-પિતા બન્યા.***
- ***ચૂંટણી પછી ભારત-પાકિસ્તાન વચ્ચે વ્યાપારી સંબંધો વધુ ગાઢ બનશે.***
- ***૮૦ વર્ષ જુના ગાંધીજીએ લખેલા પત્રોની તા. ૨૮મીએ મુંબઈમાં હરાજી થશે.***
- ***હાફુસ પછી દશેરી, રાજાપુરી, કેસરની આવક વિલંબમાં ભાવમાં પણ ૫૦ ટકાનો વધારો.***
- ***સાયલાના મહિલા તાલુકા વિકાસ અધિકારી રૂ. ૧૫૦૦૦ની લાંચમાં સપડાયા.***
- ***સેનામાં પ્રથમ પરમાણુ સબમરીનનો સમાવેશ કરાશે.***
- ***બ્રાઝીલમાં બિમાર માલિકની રાહ જોતો પાળેલો કુતરો ૮ દિવસ સુધી હોસ્પિટલ બહાર બેસી રહ્યો.***
- ***ઈરાકની જાણીતી જેલ અબુગરીબ બંધ કરવામાં આવી.***
- ***કેગને ટેલિકોમ કંપનીઓનું ઓડિટ કરવાનો અધિકાર-સુપ્રીમ.***
- ***ગુજરાતમાં ચાલુ વર્ષે ૩ લાખથી વધુ એસી વેચાશે.***
- ***બાબા રામદેવની વડોદરા શિબિરને ચૂંટણી પંચની શ્રેણીબદ્ધ શરતો સાથે મંજુરી.***
- ***ફિલ્મ અભિનેત્રી સોનાક્ષીની બોલીવુડમાં લોકપ્રિયતા વધી - અહેવાલ.***
- ***ચૂંટણીના કારણે ૧૭૦૦ પ્રોજેક્ટ ફસાયા છે.***

## પ્રશાંત ભૂષણ સાથે ઈન્દોરમાં ખરાબ વર્તન

ઈન્દોર, તા.૧૮

આમ આદમી પાર્ટીના નેતા પ્રશાંત ભૂષણ સાથે આજે ફરી ખરાબ વર્તન કરવામાં આવ્યું છે. રાષ્ટ્રવાદી સંસ્થા દેવપતના કેટલાક સભ્યોએ આવી પહોંચીને પ્રશાંત ભૂષણ આડે અચડણ ઉભી કરી હતી જેથી પ્રશાંત ભૂષણને અધવચ્ચે પત્રકાર પરિષદને છોડી દેવાની ફરજ પડી હતી. પ્રશાંત ભૂષણને ધક્કે પણ ચડાવવામાં આવ્યા હતા. ઈન્દોરમાંથી એએપીના ઉમેદવાર અનિલ ત્રિવેદીના સમર્થનમાં પ્રશાંત ભૂષણ પહોંચ્યા હતા. રોડ શો પરિપૂર્ણ કર્યા બાદ પ્રશાંત ભૂષણ પત્રકાર પરિષદને સંબોધી રહ્યા હતા ત્યારે જ અંદરથી કેટલાક લોકો આવી પહોંચ્યા હતા અને જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા. પત્રકાર પરિષદની શરૂઆતથી જ ઉપસ્થિત રહેલા કેટલાક લોકોએ પ્રશાંત ભૂષણની એએપીની કેપ ઉતારી દીધી હતી અને તેમના ઉપર ખરાબ શબ્દોનો મારો ચલાવ્યો હતો.

## ડુંગળીના ભાવમાં સપ્તાહમાં ૪૦ ટકા સુધીનો વધારો થયો

નાસિક,તા. ૧૮

નાસિક જિલ્લામાં કમોસમી વરસાદ અને વાવાઝોડાના કારણે ડુંગળીની કિંમતમાં રિકોર્ડ વધારો થયો છે. માત્ર એક સપ્તાહના ગાળામાં જ કિંમતમાં આશરે ૪૦ ટકા સુધીનો વધારો થઈ ગયો છે. દેશના સૌથી મોટા હોલસેલ ડુંગળી બજારમાં કિંમતમાં રેકોર્ડ વધારો થતા દેશના તમામ ભાગોમાં તેની અસર જોવા મળે તેવી શકયતા છે. ડુંગળીના છુટક ભાવોમાં હજુ વધારો થવાના સંકેત દેખાઇ રહ્યા છે. લાસલગાવ એગ્રીકલ્ચર પ્રોડ્યુસ માર્કેટ કમિટી દ્વારા આ અંગેની માહિતી આપવામાં આવી છે. જિલ્લા એપીએમસીમાં સરેરાશ હોલસેલ ડુંગળીની કિંમત ૧૦મી એપ્રિલના દિવસે ક્વિન્ટલદીઠ ૫૭૫થી ૮૦૧ રૂપિયા સુધીની હતી. જે હવે વદીને ૭૫૦થી ૧૦૧૧ રૂપિયા સુધી થઈ ગઈ છે. આવી જ રીતે રીટેલ માર્કેટમાં સારી ગુણવત્તા વાળી ડુંગળીની કિંમત પ્રતિ કિલો ૧૨થી ૧૫ રૂપિયા છે. લાસલગાવ એપીએમસીના અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે તાજેતરમાં વાવાઝોડા અને કમૌસમી વરસાદના કારણે સારી ગુણવત્તાવાળા ડુંગળીના જથ્થાને ભારે મુકસાન થયું હતુ. છેલ્લા મહિનામાં માત્ર ૪૦ ટકા ડુંગળી જે પહોંચી છે તે સારી ગુણવત્તામાં છે. જો કે સારી ગુણવત્તાની ડુંગળીનો જથ્થો આ સપ્તાહમાં વધી ગયો છે. સારી ગુણવત્તાવાળા ડુંગળીના જથ્થા માટે સારી રકમ મળી રહી છે. નેશનલ કો ઓપરેટિવ માર્કેટિગ ફેડરેશનના ડિરેક્ટરનુ કહેવુ છે કે ખેડુતો હવે ભવિષ્યમાં વધારે સારી કિંમત મળી શકે છે તેવી આશા સાથે ડુંગળીનો જથ્થો સગ્રહ કરી રહ્યા છે. ૧૫મી જુન સુધી ડુંગળીનો જથ્થો પહોંચે તેવી શક્યતા દેખાઇ રહી છે. ત્યારબાદ ડુંગળીનો જથ્થો આવતો ઘટી જશે. ૧૫મી જુન સુધી સરેરાશ હોલસેલ ડુંગળીની કિંમત પ્રતિ ક્વિન્ટલ ૧૦૦૦થી ૧૩૦૦ રૂપિયા વચ્ચે રહે તેવી શક્યતા છે. ડુંગળીની કિંમતમાં વધારો થતા સામાન્ય અને ગરીબ વર્ગના લોકોમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યું છે. જો કે સ્થિતી સુધરે તેવી શક્યતા છે.હવે લોકોમાં ભાવને લઈને ભારે ચર્ચા છે.

## અકબરપુર : નરેન્દ્ર મોદીનો મંચ તુટી પડતાં ચિંતાનું મોજુ

લખનૌ,તા. ૧૮

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની રેલી પહેલા આજે પ્રચંડ વાવાઝોડા અને આંધીના પરિણામસ્વરુપે અસર થઈ હતી. રેલી પહેલા મોદીના મંચને પણ નુકસાન થયુંહતું. મોદીનો મંચ તુટી પડ્યા બાદ ભાજપના કાર્યકરોમાં ચિંતા દેખાઈ હતી. અકબરપુરમાં ૨૪મી એપ્રિલના દિવસે ચૂંટણી યોજાનાર છે. અહીં મંગળવારના દિવસે ચૂંટણી પ્રચારનો અંત આવનાર છે. આ સીટ પર તમામ રાજકીય પાર્ટીઓના દિગ્ગજ ઉમેદવારો મેદાનમાં છે. રાહુલ ગાંધી અહીં ચૂંટણી સભાને સંબોધી ચુક્યા છે. માયાવતી અને મુલાયમસિંહ પણ ટૂંકમાં અહીં રેલી સંબોધનાર છે. આવી સ્થિતિમાં અકબરપુરમાં રેલી પહેલા મોદીના મંચને નુકસાન થયા બાદ ભાજપના કાર્યકરોમાં ભારે ચિંતા દેખાઈ હતી. ગઈકાલ રાતથી જ ભારે વરસાદ થઈ રહ્યો હતો જેના લીધે ભારે નુકસાન થયું હતું.